Vishva Samachar Weekly


RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક








PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 27 • Dt. 31-03-2025 • Monday • Rs.5-00 • • Page-4


## મન કી બાતના ૧૨૦મા એપિસોડ દ્વારા વડાપ્રધાને લોકો સાથે વાતચીત કરી

# મોદીએ ઉનાળાના વેકેશનનો સદુપયોગ અને પાણી બચાવવવા વિશે ખાસ સંદેશ આપ્યો



નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત ના ૧૨૦મા એપિસોડમાં લોકો સાથે સંવાદ કર્યો. આ અવસરે તેમણે અનેક વિષયો પર વિસ્તૃત વાત કરી. મોદીએ કહ્યું, "આજે ચૈત્ર માસના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિ છે. આજે ચૈત્ર નવરાત્રિની શરૂઆત થઈ રહી છે. આજે ભારતીય નવું વર્ષ પણ શરૂ થઈ રહ્યું છે. આ વખતે વિક્રમ સંવત ૨૦૮૨ શરૂ થઈ રહ્યું છે. મારા સામે ઘણી બધી ચિઠ્ઠીઓ છે. જેમાં લોકોએ પોતાના મનની વાતો લખીને મોકલી છે. આપણા દેશના અલગ-અલગ રાજ્યોમાં આજે અને આગામી કેટલાક દિવસોમાં નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે અને આ બધા સંદેશા નવા વર્ષની શુભેચ્છાઓના છે. ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે દેશના અલગ-અલગ ભાગોમાં તહેવારોની ધૂમ જોવા મળશે. એટલે કે આ આખો મહિનો તહેવારોનો છે. હું દેશના લોકોને આ તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છા આપું છું." તેમણે કહ્યું, "જ્યારે પરીક્ષા આવે છે, ત્યારે હું પરીક્ષા પર ચર્ચા કરું છું. હવે પરીક્ષા શરૂ થઈ ગઈ છે, હવે ઉનાળાની રજાઓનો સમય આવવાનો છે. બાળકો તેની ઉત્સુક્તાથી ખૂબ જ રાહ જોતાં હોય છે. ઉનાળાના દિવસો લાંબા હોય છે. તેમાં બાળકો પાસે કરવા માટે ઘણું બધું હોય છે. આ સમય કોઈ નવી હોબી શીખવાનો છે. આજે એવા પ્લેટફોર્મની કમી નથી, જ્યાં તેઓ ઘણું બધું શીખી શકે છે. આ રજાઓમાં સેવા કાર્યો સાથે જોડાવાનો અવસર છે. મારો ખાસ આગ્રહ છે કે જો કોઈ સંસ્થા આવી પ્રવૃત્તિઓ કરાવી રહી હોય તો **#MyHoliday** સાથે શેર કરો. આથી બાળકો અને તેમના માતાપિતાને પણ માહિતી મળશે. આજે હું આપને માય ભારતના ખાસ કેલેન્ડર વિશે વાત કરીશ, જે સમર વેકેશન માટે તૈયાર કરવામાં આવ્યું છે. આના સ્ટડી ટૂરમાં તમે જાણી શકો છો કે આપણા જન ઔષધી કેન્દ્રો કેવી રીતે કામ કરે છે. તમે સરહદી ગામોમાં અનોખો અનુભવ મેળવી શકો છો. આંબેડકર જયંતી પર પદયાત્રામાં ભાગ લઈને તમે બંધારણના મૂલ્યો વિશે માહિતી ફેલાવી શકો છો. તમે તમારા અનુભવોને **#HolidayMemories** સાથે શેર કરો." વડાપ્રધાન મોદીએ કહ્યું, "ઉનાળાની ઋતુમાં પાણી બચાવવાનું અભિયાન પણ શરૂ થઈ જાય છે. વિવિધ જગ્યાઓ પર વોટર હાર્વેસ્ટિંગનું કામ શરૂ થઈ ગયું છે. આ માટે અલગ-અલગ સંસ્થાઓ કામ કરે છે. આ વખતે પણ કેચ ધ રેન અભિયાન માટે કમર કસી લેવામાં આવી છે. આ અભિયાન સરકારનું નહીં પરંતુ જનતાનું અભિયાન છે. પ્રયત્ન એ છે કે જે કુદરતી સંસાધનો આપણને મળ્યા છે, તે આગામી પેઢી સુધી પહોંચાડવા છે. આ અભિયાન હેઠળ છેલ્લા કેટલાક વર્ષોમાં દેશના ઘણા ભાગોમાં પાણીના સંરક્ષણના ઘણા રસપ્રદ કામ થયા છે. હું તમને એક રસપ્રદ આંકડો આપું છું. છેલ્લા ૭-૮ વર્ષમાં નવા બનેલા ટેક્ક, અને તળાવ **water recharge structure Úke 11 billion cubic meter** થી પણ વધુ પાણીનું સંરક્ષણ થયું છે. તમે પણ સામુદાયિક સ્તરે આવા પ્રયત્નો સાથજોડાઈ શકો છો. તમે હમણાંથી યોજના જરૂર બનાવો. શક્ય હોય તો તમારા ઘરના આગળ માટલામાં ઠંડુ પાણી જરૂર રાખો. આ પુણ્ય કાર્ય કરીને તમને સારું લાગશે."

તેમણે કહ્યું, "કેટલાક દિવસો પહેલા સંપન્ન થયેલા ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં ખેલાડીઓએ પોતાની મહેનત અને પ્રતિભાથી બધાને ચોંકાવી દીધા. આ વખતે પહેલા કરતા વધુ ખેલાડીઓએ ભાગ લીધો. હું આવા ખેલાડીઓને તેમના શાનદાર પ્રયત્નો માટે અભિનંદન આપું છું.

# શક્તિપીઠ સહિતના મંદિરોમાં લાગી ભક્તોની ભારે ભીડ

## પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું




પાવાગઢ

આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. ત્યારે રાજ્યના તમામ શક્તિપીઠમાં ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી છે. પંચમહાલના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ હજારો માઈભક્તોએ માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. તો બનાસકાંઠાના અંબાજીમાં પણ હજારો માઈભક્તોએ મા અંબાના દર્શન કર્યાં. આ વખતે એક નોરતું ઓછું છે. ૬ વર્ષ પછી આવો યોગ રચાયો છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ દરેક મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી છે. અમદાવાદની નગરદેવી ભદ્રકાળી મંદિર હોય કે શક્તિપીઠ બહુચરાજી મંદિર હોય ચૈત્રી નવરાત્રિની શરૂઆત ભક્તિભાવ સાથે થાય છે. પ્રથમ દિવસે શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચ્ચાર સાથે ઘટ સ્થાપનની વિધિ યોજાઈ હતી.

આ સાથે સાથે ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદ વિસ્તારમાં આવેલા સપ્તશ્રૃંગી દેવીના મંદિરે હજારો ભક્તોની ઉમટ્યા હતા. પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. આજે વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ હજારો માઈભક્તોએ માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો.

# GPSCની પરીક્ષાની તારીખમાં ફેરફાર, ૧૯ એપ્રિલે નહીં યોજાય પરીક્ષા

## ૧૯મીની જગ્યાએ ૨૫મી એપ્રિલના રોજ પરીક્ષા યોજાશે

ગાંધીનગર

**GPSC**ની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર આવ્યા છે. **GPSC**ની ભરતી પરીક્ષાની **(GPSC Exam)** તારીખમાં ફેરફાર કરાયો છે. મદદનીશ ઈજનેર સિવિલ વર્ગ-૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. હવે, ૧૯મી એપ્રિલની જગ્યાએ ૨૫મી એપ્રિલના રોજ પરીક્ષા યોજાશે. ૨૦ એપ્રિલે પરીક્ષા આપતા ઉમેદવારો પરીક્ષા સ્થળે પહોંચી શકે તે માટે ૧૯ એપ્રિલની પરીક્ષાની તારીખ બદલવી પડી હોવાનું **GPSC**ના ચેરમેન હસમુખ પટેલે જાણકારી આપી છે.

જાહેરાત ક્રમાંક ૮૧/૨૦૨૪-૨૫(મદદનીશ ઈજનેર, સિવિલ, વર્ગ-૨), ૧૧૧/૨૦૨૪-૨૫ (મદદનીશ ઈજનેર સિવિલ વર્ગ-૨, દિવ્યાંગો માટે) અને ૧૧૨/૨૦૨૪-૨૫ (નાયબ કાર્યપાલક ઈજનેર, વિદ્યુત, વર્ગ-૨)ની સંબંધિત વિષયની ૧૯/૦૪/૨૫ના બદલે ૨૫/૦૪/૨૫ના રોજ યોજવામાં આવશે.

જાહેરાત ૮૧/૨૦૨૪-૨૫, ૧૧૧/૨૦૨૪-૨૫, ૧૧૨/૨૦૨૪-૨૫ના ઉમેદવારો જો તા ૨૦/૪/૨૫ ની વર્ગ-૧,૨ની પરીક્ષા આપતા હોય તો પરીક્ષા સ્થળે પહોંચી શકે તેને ધ્યાનમાં લઈ ઉપરોક્ત ભરતીઓની સંબંધિત વિષયની પરીક્ષાની તારીખ બદલવી પડી છે. તે પછીના રવિવારોએ અન્ય પરીક્ષાઓ હોઈ આ પરીક્ષા ચાલુ દિવસે રાખવી પડી છે. હસમુખ પટેલે **'X'** પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે 'આયોગ ઘણી બધી પરીક્ષાઓ લેતું હોય પરીક્ષા ની તારીખ બદલવી ખૂબ જ મુશ્કેલ પડે છે. છતાં પણ જ્યાં શક્ય હોય ત્યાં તારીખ બદલી ઉમેદવારોને દરેક પરીક્ષા આપવાની તક મળે તેવા પ્રયત્ન કરવામાં આવે છે. આને કારણે જ તા ૨૭/૪/૨૪ ની પરીક્ષાની તારીખ બદલી શકાઈ નથી.'

તેમણે વધુમાં કહ્યું હતું કે તારીખ બદલવામાં આવે ત્યારે અન્ય રવિવારે બીજી પરીક્ષાઓ હોય એટલે રજાના દિવસે નવી તારીખ આપી શકાતી ન હોય રજા સિવાયના દિવસે પરીક્ષા ગોઠવવી પડે છે. જેના કારણે નોકરી કરતા ઉમેદવારને મુશ્કેલી પડે છે. તારીખ બદલવામાં આ પણ એક મોટી અડચણ છે.

## તંત્રીની કલમે................

# ભાગલાના આરે ઊભેલું પાકિસ્તાન


Editor- Nilay H. Mehta

થોડા દિવસો પહેલાં પાકિસ્તાની સેનાને નિશાનો બનાવતાં બલૂચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ)ના અલગ-અલગ હુમલામાં પાકિસ્તાની સૈનિકો સહિત કેટલાય લોકો માર્યા ગયા. હાલત એટલી બગડી ગઈ કે ફોજ અને રાજકીય પક્ષોએ તાબડતોબ બેઠકો બોલાવવી પડી. પાકિસ્તાનના હાલના ઘટનાક્રમે કેટલાય વણકહ્યાં અને કડવાં સત્ય ઉજાગર કરી દીધાં. પહેલું, એ કે પાકિસ્તાન કોઈ રાષ્ટ્ર નથી, પરંતુ ઉપનિવેશિક શક્તિઓ દ્વારા પોતાના સ્વાર્થ ખાતર બનાવેલી એક કૃત્રિમ એકમ છે. બીજું, વિશ્વના જે નક્શા પર પાકિસ્તાન છે, ત્યાંના મોટાભાગના લોકો ઈસ્લામના નામે ના તો દેશનું વિભાજન ઈચ્છતા હતા કે ના પાકિસ્તાનની અવધારણાનું સમર્થન કરતા હતા. કેટલાય આજે પણ તેના વિરોધી છે.

સમાચારોમાં ચમકેલા બલૂચિસ્તાનની વાત કરીએ તો તેમનો હજારો વર્ષ જૂનો ઈતિહાસ છે. સાતમી સદીમાં ઈસ્લામિક આક્રમણખોરોના ભારત પર હુમલા બાદ અહીં ઈસ્લામનો પ્રભાવ વધ્યો. હિંદુઓની મુખ્ય શક્તિપીઠમાંથી એક હિંગળાજ માતા મંદિર આજે પણ અહીં જોવા મળે છે. બ્રિટિશ હકૂમત સમયે બલૂચિસ્તાન પર કલાત રિયાસતનું શાસન હતું. ૧૮૭૬માં બંને વચ્ચે સંધિ થઈ અને તે શરતો સાથે બ્રિટિશ અધીન રાજ્ય બની ગયું. ૧૯૪૭માં વિભાજન બાદ કલાતે સ્વતંત્ર રહેવાનો અધિકાર પસંદ કર્યો, પરંતુ ૧૯૪૮માં ઝીણાના આદેશ પર પાકિસ્તાની સેનાએ તેને બળપૂર્વક આંચકી લીધું. ત્યારથી આ બલૂચ રાષ્ટ્રવાદીઓ માટે 'રાષ્ટ્રીયતા અને આત્મનિર્ણયના સંઘર્ષ'નો પ્રતીક બની ગયું છે.

પાકિસ્તાનમાં અલગતાવાદ માત્ર બલૂચિસ્તાન સુધી સીમિત ન રહીને સિંધ અને પશ્તૂન ક્ષેત્ર સુધી ફેલાયેલું છે. બલૂચિસ્તાન ઉપરાંત સિંધ, પંજાબ અને ખૈબર પખ્તૂનખ્વામાં પણ વિભાજન પહેલાં ઈસ્લામના નામે અલગ દેશનો વિરોધ હતો. સિંધ ઈત્તેહાદ પાર્ટીના ટોચના નેતા અલ્લાબખ્શ મુહંમદ ઉમર સુમરો અવિભાજિત ભારતમાં સિંધના બે વખત વડાપ્રધાન રહ્યા. તેમણે મજહબના આધાર પર અલગ દેશ બનાવવાની અવધારણાને ઈસ્લામ વિરોધી ગણાવી હતી. ૧૯૪૩માં અલ્લાબખ્શની હત્યા કરી દેવાઈ, જેમાં મુસ્લિમ લીગનો હાથ હોવાની શંકા વ્યક્ત કરાઈ હતી. ૧૯૪૫ સુધી અવિભાજિત પંજાબમાં પણ પાકિસ્તાન માટે કોઈ રાજકીય સમર્થન ન હતું. ૧૯૩૭ના પ્રાંતીય ચૂંટણીમાં પંજાબના લોકો ઘોર મજહબી મુસ્લિમ લીગને બદલે 'સેક્યુલર' યુનિયનિસ્ટ પાર્ટીને પસંદ કરી. આ પક્ષે સિકંદર હયાત ખાનના નેતૃત્વમાં અકાલી દળ અને કોંગ્રેસ સાથે મળીને પંજાબમાં સરકાર બનાવી. સિકંદરે ૧૯૪૦ના 'પાકિસ્તાન પ્રસ્તાવ'નો અસ્વીકાર કરી દીધો. તેમના નિધન બાદ વગદાર મલિક ખિજર હયાત તિવાનાએ ૧૯૪૨થી પંજાબ સરકારની કમાન સંભાળી. ઝીણાએ તિવાના પર દબાણ બનાવ્યું પરંતુ તિવાના ઝૂક્યા નહીં અને પંજાબમાં હિંદુઓ, શીખો અને મુસલમાનો સાથે મળીને કામ કરવાની જાહેરાત કરી. તેનાથી ખીજાયેલા ઝીણાએ પંજાબમાં મજહબી ઉન્માદ ભડકાવ્યો. યુનિયનિસ્ટ પાર્ટી વિખેરાઈ ગઈ અને ૧૯૪૬ની ચૂંટણીમાં પંજાબ મુસ્લિમ લીગની ઝોળીમાં જઈ પડ્યું. રાજકારણથી સંન્યાસ લઈને જ્યારે તિવાના ઓક્ટોબર ૧૯૪૯માં નવરચિત પાકિસ્તાનના પંજાબ પહોંચ્યા, ત્યારે ત્યાંની ઈસ્લામી સરકારે ખુન્નસ કાઢતાં તેમની અપાર સંપત્તિ જપ્ત કરી લીધી.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### ૧૫ દિવસોમાં બમણાં ફોર્મ ભરાયાં

# RTE અંતર્ગત ૬ લાખની આવક મર્યાદામાં વધારો થતા પ્રવેશ માટે પડાપડી

## ૧૫ દિવસમાં જ ડબલ ફોર્મ ભરાઈ ગયા છે અને હજુ આગામી ૧૫ દિવસોમાં આ આંકડો વધવાની શક્યતા

અમદાવાદ

RTE હેઠળ પ્રવેશ માટેના ફોર્મ ભરવાની ઓનલાઈન પ્રક્રિયા ચાલી રહી છે અને આગામી ૧૫ એપ્રિલ સુધી આ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન ચાલવાની છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે RTE અંતર્ગત પ્રવેશ માટે સરકાર દ્વારા આવક મર્યાદા ૬ લાખ સુધીની કરવામાં આવતા પ્રવેશ માટે વાલીઓનો ધસારો વધ્યો છે. કારણ કે RTE હેઠળ ૧૫ દિવસમાં જ ડબલ ફોર્મ ભરાઈ ગયા છે અને હજુ આગામી ૧૫ દિવસોમાં આ આંકડો વધવાની શક્યતા છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE) અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ માટે નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ખાનગી શાળામાં ધોરણ ૧માં પ્રવેશ આપવાની પ્રક્રિયા રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. રાજ્યમાં અંદાજે ૯૦ હજાર બેઠકો માટે પ્રથમ રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવી રહી છે.

જોકે પ્રવેશ પ્રક્રિયા શરૂ થયાના અમુક દિવસમાં જ સરકાર દ્વારા RTE માં પ્રવેશ માટે આવક મર્યાદા ૬ લાખ કરવામાં આવી. જેને લઈને આખી પ્રક્રિયા નવેસરથી શરૂ કરવામાં આવી. કારણ કે અગાઉ RTE માં પ્રવેશ માટે શહેરી વિસ્તાર માટે ૧ લાખ ૫૦ હજાર હતી જ્યારે ગ્રામ્ય માટે ૧ લાખ ૨૦ હજાર હતી.

પરંતુ આવક મર્યાદા ૬ લાખ સુધીની કરવામાં આવતા હવે પ્રવેશ માટે ધસારો વધ્યો છે. માત્ર ૧૫ દિવસોમાં જ અમદાવાદમાં પ્રાથમિક ધોરણ ૧ માં પ્રવેશ માટે ૩૧ હજાર ફોર્મ ભરાઈ ગયા છે. જેની સામે અમદાવાદ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ માં માત્ર ૧૪ હજાર ૯૦૦ બેઠકો જ છે. એટલે કે માત્ર ૧૫ દિવસોમાં જ બમણાં ફોર્મ ભરાયાં છે. અને હજુ આ પ્રવેશ પ્રક્રિયા ૧૫ એપ્રિલ સુધી ચાલવાની છે ત્યારે હજુ ઘણા એવા વાલીઓ છે કે જેઓને ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા વાલીઓને આવકનો દાખલો કઢાવવાનો બાકી છે કે પછી એ કાર્ય પ્રોસેસમાં છે ત્યારે હજુ બાકીના ૧૫ દિવસમાં આ ફોર્મ ભરાવાની સંખ્યામાં વધારો થશે તે નક્કી છે.

અમદાવાદ જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે RTE માં પ્રવેશ માટે આવક મર્યાદા છ લાખની કરવાની સાથે જ ફોર્મ ભરવાની પ્રક્રિયા માટે સમય મર્યાદા પણ વધારવામાં આવી હતી એટલે હજુ ૧૫ એપ્રિલ સુધીનો સમય વાલીઓ પાસે છે. ત્યારબાદ જે ફોર્મ ભરાઈને આવશે તેની ચકાસણી કરવામાં આવશે અને તેની સ્ક્રુટિની પણ કરવામાં આવશે. અને ત્યારબાદ નિયમ પ્રમાણે પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.

### આણંદથી દાહોદ રૂટની બસ સેવાલિયા ઉભી હતી

# એસટી બસના ડ્રાઈવરે મહિલા કંડક્ટરને લાફો મારતા ફરિયાદ

નડિયાદ

આણંદથી દાહોદની એસટી બસના મહિલા કંડકટર પોતાની બસના ડ્રાઈવર સાથે સેવાલિયા ખાતે નાસ્તો કરવા બસ ઉભી રાખી હતી.અન્ય બસની મહિલા કંડકટરને તેમની બસનો ટાઈમ પૂછ્યો હતો અને અન્ય બસના ડ્રાઈવર સાથે માથાકૂટ કરી હતી ને મહિલા કંડક્ટરને ડ્રાઈવર લાફો ઝીંકી દીધો હતો. આ મામલે ડ્રાઈવર સામે ગુનો નોંધાયો છે.

કઠલાલમાં ઉર્મિલાબહેન રોહિત એસટી બસમાં કંડકટર તરીકે આણંદથી દાહોદ એક્સપ્રેસ રૂટમાં ફરજ પર હતા. ૨૪ માર્ચે તેઓ પોતાની બસના ડ્રાઈવર રાજકમલભાઈ ચૌહાણ સાથે દાહોદના રૂટમાં ગયા હતા. આણંદ પરત આવતા સેવાલીયા નાસ્તો કરવા બસ ઉભી હતી.

ઉર્માલાબહેને અન્ય મહિલા કંડક્ટરને દાહોદની બસ ઉપડવાનો સમય પૂછ્યો હતો અને મહિલા કંડક્ટરે કહ્યુ કે, મને ખબર નથી. હું આજે જ આવેલી છું, જે પૂછવું હોય તે મારા ડ્રાઈવરને પૂછો, પોતાની બસના ડ્રાઈવર પાસે જતા રહ્યા હતા. બાદમાં ડ્રાઈવર ઉર્મિલાબહેન પાસે આવ્યા હતા. અમારી બસ જેમ ચાલુ તેમ તમારે શું તેમ કહીને ઝઘડો કર્યો હતો અને ઉર્મિલાબહેનને મારમાર્યો હતો. આ મામલે રાજકમલભાઈએ ઉર્મિલાબહેનને છોડાવ્યો હતો. ઉર્મિલાબહેનને આણંદ પહોંચી સારવાર માટે ખસેડાયા હતા. આ મામલે ઉર્મલાબહેને મલેક મોહમ્મદ જમીરહુશેન મુહીર હુશેન સામે ફરિયાદ ફરિયાદ નોંધાવી છે. એસટી વિભાગના ડેપો મેનેજર દ્વારા આરોપી ડ્રાઈવર મલેક મોહમ્મદ જમીરહુશેન મુહીર હુશેનને મહિલા કંડક્ટર સાથે ગેરવર્તણૂક અને લાફો મારવા બદલ સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્શનના સમય દરમિયાન તેમને ખંભાત ડેપોમાં મૂકી દેવાયા છે.

# શહેરકોટડા પોલીસની હદમાં દારૂની બેરોકટોક હેરફેર

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દારૂ-જુગાર અડ્ડા બંધ હોવાના દાવા વચ્ચે શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાંથી દેશી દારૂની હેરફેર કરવામાં આવી રહ્યાનું સામે આવ્યું છે. જેમાં પીસીબીએ શુક્રવારે દેશી દારૂની હેરફેર કરતા બુટલેગરને ઝડપી લીધા હતા.

સુત્રોના જણાવ્યા મુજબ શહેર કોટડા પોલીસની હદમાં નિયમિત રીતે દારૂની હેરફેર થતી હોવાનું જાણવા મળ્યું છે. પીસીબીના સ્ટાફને બાતમી મળી હતી મેમ્કો બ્રીજ નીચે ઓમનગર ફાટક જવાના રોડ પર નરોડા પમ્પીંગની દિવાલના રોડ નજીકથી નિયમિત રીતે ટુ-વ્હીલરમાં દેશી દારૂની મોટા પ્રમાણમાં હેરફેર કરવામાં આવે છે. જેના આધારે શુક્રવારે સવારે ૧૦ વાગે અલગ અલગ ટીમ ગોઠવીને વોચ ગોઠવી હતી. જેમાં ધ્રુવ માંછરેકર (રહે. સાઈબાબા ફ્લેટની પાછળ, છારાનગર,કુબેરનગર)ને રોકીને તેના સ્કૂટરમાં તપાસ કરતા દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જે દારૂ સુધીરે મંગાવ્યો હોવાનું સામે આવ્યું હતું. તેમજ આ સમયે જ સ્કૂટર પર જતા જીનીલ છારા (ફ્રી કોલોની, છારાનગર)ને ઝડપીને દારૂ ભરેલો કોથળો જપ્ત કર્યો હતો. જે સુધીર નામના બુટલેગરે મંગાવ્યો હતો.

### કરોડો રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરાઈ

# નર્મદે હર..ના નાદ સાથે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો થયેલો શુભારંભ

## ગુજરાત સહિત અન્ય રાજ્યના શ્રદ્ધાળુઓ દ્વારા પુષ્પ અર્પણ અને દીપ પ્રાગટ્ય કરીને યાત્રાનો શુભારંભ કરાયો





વડોદરા

વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી લગભગ ૬ કિ.મી. સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ મહત્ત્વ છે. આજે શનિવારે (૨૯ માર્ચ, ૨૦૨૫)થી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થઈ છે, જે આગામી ૨૭ એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. આ પ્રસંગે સંત સાંવરિયા મહારાજ, સાધુસંતો અને નર્મદા પરિક્રમામાં આવેલા ગુજરાત સહિત અન્ય રાજ્યના શ્રદ્ધાળુઓ દ્વારા પુષ્પ અર્પણ અને દીપ પ્રાગટ્ય કરીને યાત્રાનો શુભારંભ કર્યો હતો. જ્યારે પરિક્રમાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે.

નર્મદામાં આજે શનિવારથી ઉત્તરવાહિની પરિક્રમાનો પ્રારંભ કરાયો છે. પરિક્રમાને લઈને જિલ્લા વહીવટીતંત્રએ ટેન્ટ અને રેલિંગની વ્યસ્થા કરવામાં આવી છે. જ્યારે પરિક્રમમાં કોઈ અનિચ્છિનિય ઘટના ન બને તે માટે પોલીસ અને તરવૈયાઓ નદી કિનારે સજ્જ કરી દેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે, 'પરિક્રમાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત છે. આકસ્મિત સ્થિતિને લઈને સ્પીડ બોટ્સ પણ તૈનાત છે.' ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નર્મદા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે ૩.૮૨ કરોડ રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલા છે.

આ તમામ ઘાટ પર મોટી સાઇઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઇટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઇનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઇનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વોચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત પરિક્રમા માર્ગ પર લાઈટિંગ, સાઈનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટોયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે. શિવપુત્રી તરીકે ઓળખાતી પવિત્ર નર્મદા નદીની પરિક્રમામાં પૂર્ણપરિક્રમા જેટલું જ ધાર્મિક મહત્ત્વ ઉત્તરવાહીની નર્મદા પરિક્રમાનું છે. જે ૧૮ કિ.મીની જ પરિક્રમા થાય છે. નર્મદા નદીની પરિક્રમા રામપુરા ગામના કિડી મકોડી ઘાટથી શરૂ થાય છે. ત્યારબાદ આગળ વધતા તિલકવાડા પાસે નદીના કિનારાની જગ્યાએથી નાવડીમાં બેસી નદી પાર કરી સામે કિનારે જઈ પાછું નાવડીમાં આવવાનું હોય છે. એટલે પરિક્રમા કરતી વખતે બે વખત નર્મદા નદીને પાર કરવાની રહે છે. આ ઉપરાંત પરિક્રમાને ધ્યાનમાં રાખીને હાંસોટ તાલુકાના વમલેશ્વર ખાતે જેટી તૈયાર કરવામાં આવી છે.

### દ્વારકાધીશમાં અંબાણી પરિવારની અપાર શ્રદ્ધા

# અનંત અંબાણી પગપાળા દ્વારકા જવા માટે નીકળ્યા



જામનગર

દેશમાં સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણીનો પરિવાર ખૂબ જ ધાર્મિક છે. તેથી જ તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પરિવારને દ્વારકાદીશમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. જ્યારે પણ તક મળે અંબાણી પરિવારના સભ્યો દ્વારકાધીશના દર્શન કરવા માટે દ્વારકા આવતા હોય છે. આ જ ક્રમમાં હવે મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના દીકરા અનંત અંબાણી ચાલતા-ચાલતા દ્વારકાધીશના દર્શન કરવા માટે રવાના છે. રિલાયન્સ ગ્રુપના અનંત અંબાણીની દ્વારકાધીશ પ્રત્યેની અપાર શ્રદ્ધા ફરી એક વાર જોવા મળી છે. અનંત અંબાણીએ દ્વારકા મંદિર સુધી પગપાળા જવાનું નક્કી કર્યું છે અને આ માટે તેઓ મોડી રાતે એક વિશાળ કાફલા સાથે પદયાત્રાની શરુઆત કરી છે. આ યાત્રા દરમ્યાન અનંત અંબાણી દરરોજ ૧૦થી ૧૫ કિલોમીટર પગપાળા ચાલશે, જે તેમની ધાર્મિક શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે.

# અમદાવાદના મુસ્લિમ દંપતીએ હિન્દુ નામથી બનાવ્યો પાસપોર્ટ

## વિદેશ જવા બોગસ પાસપોર્ટ કઢાવનાર અમદાવાદના દંપતીની ધરપકડ : બોગસ પાસપોર્ટ કઢાવ્યો હોવાની કબુલાત કરી

અમદાવાદ

ડુપ્લીકેટ પાસપોર્ટથી અમેરિકા પહોંચે એ પહેલા આરોપીને જેલમાં જવાનો વારો આવ્યો છે. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે પતિ પત્ની વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. અંદાજે ૨૭ વર્ષ પહેલા બનાવેલા બનાવટી પાસપોર્ટ અંગે ગુનો દાખલ કરી ક્રાઇમ બ્રાન્ચે પતિની ધરપકડ કરી છે. સાથે જ ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવનાર એજન્ટની પણ તપાસ શરુ કરાઇ છે.અમદાવાદના રાજેશ સાબુવાલાએ વર્ષ ૧૯૯૮માં હૈદરાબાદના એડ્રેસ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવીને અમેરિકા જવાની તૈયારી કરી રહેલા દંપતી વિરુદ્ધ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરી છે. પકડાયેલ આરોપી રાજેશ સાબુવાલાએ તેની પત્ની સલીમા સાબુવાલાએ ખોટા નામ ધારણ કર્યું હતું. હૈદરાબાદના વ્યક્તિ રાજેશ અગ્રવાલ અને રાધિકા અગ્રવાલ નામે બોગસ પાસપોર્ટ બનાવ્યા હતા. આ પાસપોર્ટના આધારે અમેરિકા વિઝા માટે નોંધણી કરાવી હતી. જોકે વિઝા રદ થતા દંપતી પોતાના અસલ પાસપોર્ટ બનાવીને ફરી વખત અમેરિકા જવાનો પ્રયત્ન કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. જે અંગે ક્રાઇમ બ્રાન્ચે ગુનો નોધી રાજેશ સાબુવાલા ધરપકડ કરી છે.આ વિશે માહિતી આપતા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જયેશ મકવાણાએ જણાવ્યું કે, દંપતીએ અમેરિકાના વિઝા મેળવવા માટે બંને વખત પોતાના ઓરિજનલ ફોટો રજૂ કર્યો હતો. જોકે પાસપોર્ટમાં તેમના નામ અલગ અલગ હોવાથી બોગસ પાસપોર્ટની શંકા સામે આવી હતી. જે માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરતા વર્ષ ૧૯૯૮ માં હૈદરાબાદના એજન્ટ પાસેથી બોગસ પાસપોર્ટ કઢાવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે પાસપોર્ટ પર વિઝા ન મળતા આરોપીએ પાસપોર્ટનો નાશ કર્યો હોવાની કબૂલાત કરી છે. જેથી આરોપી પાસપોર્ટ ક્યાં એજન્ટ પાસેથી બનાવ્યો અને ક્યાં ક્યાં બોગસ દસ્તાવેજનો ઉપયોગ કર્યો હતો છે સાથે જ કેટલા રૂપિયાની આપલે કરવામાં આવી છે તેને લઇ તપાસ શરૂ કરી છે. આરોપી રાજેશ સાબુવાલા જમાલપુર ખાતે વર્ષોથી ચશ્માની દુકાન ધરાવે છે અને પત્ની સલીમા ગૃહિણી છે. જોકે ચોંકાવનારી હકીકત એ છે કે, મુસ્લિમ દંપતીએ હિન્દુ નામ ધારણ કરીને બોગસ પાસપોર્ટ બનાવ્યો હતો તેના પાછળનું કારણ શું છે એ જાણવા પણ પોલીસે કવાયત શરુ કરી છે. હાલ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે આરોપીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

# હિટ એન્ડ રનમાં યુવકને કચડનાર નબીરાઓને બચાવવા માટે ડ્રાઈવર બદલી નાખ્યો

રાજકોટ

રાજકોટ હિટ એન્ડ રન કેસમાં યુવકને કચડનાર નબીરાઓને બચાવવા પોલીસે જ ડ્રાઈવર બદલી નાખ્યો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. ૨૧મી માર્ચે ન્યારી ડેમ રોડ પર ૧૮ વર્ષીય એક્ટિવાચાલક યુવકને પૂરપાટ આવતી કારે ટક્કર મારી ફંગોળી નાખ્યો હતો. જેની હાલત હજુ સુધી ગંભીર છે. ૧૮ વર્ષનો પરાગ ગોહિલ આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. નબીરાઓએ તેને કાર વડે ફંગોળી નાખ્યો હતો અને પછીથી ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસ સાથે સેટિંગ પાડીને તેમણે ડ્રાઈવર ચેન્જ કરી નાખ્યાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસને લેખિત ફરિયાદમાં જણાવી દેવાયું છે. આ ઘટનાનો સીસીટીવી ફૂટેજ સામે આવ્યો છે જેના પરથી પીડિત પરિવારે રાજકોટ પોલીસ પર સેટિંગ કરીને આ ઘટનાને અંજામ અપાયાનો દાવો કરવામાં આવ્યો છે.

## યુરોપ-અમેરિકા-દક્ષિણ એશિયામાં કેમિકલ્સની નિકાસ થશે

# GACLના દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું મુખ્યંત્રીએ કર્યું વર્ચ્યુઅલ લોકાર્પણ

### વાર્ષિક ૩૦ હજાર ટન ક્ષમતા ધરાવતો રૂ.૩૫૦ કરોડના ખર્ચે સ્થાપિત પ્લાન્ટ અંદાજે ૧ હજાર જેટલી પ્રત્યક્ષ-પરોક્ષ રોજગારી પૂરી પાડશે



દહેજ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના દહેજમાં સ્થપાયેલા દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું દહેજમાં GACLના સ્થાપના દિવસે વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

ગુજરાત સરકારના આ સાહસ દ્વારા ક્લોરિનનો ઉપયોગ કરીને બેન્ઝાઈલ ક્લોરાઈડ, બેન્ઝાઈલ આલ્કોહોલ અને બેન્ઝાલડિહાઈડ જેવા મૂલ્ય વર્ધિત ક્લોરિન આધારિત ઉત્પાદનો આ નવા પ્લાન્ટમાં કરાશે.

મુખ્યમંત્રીએ લોકાર્પણ કરેલો આ નવ સ્થાપિત પ્લાન્ટ રૂ.૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયો છે. એટલું જ નહીં, વાર્ષિક ૩૦ હજાર ટનની ક્ષમતા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજે ૧ હજાર જેટલી રોજગારીનું સર્જન પણ કરશે. GACLનો આ નવો ક્લોરોટોલ્યુન પ્લાન્ટ યુરોપ, અમેરિકા અને દક્ષિણ એશિયામાં આ કેમિકલના એક્સપોર્ટ દ્વારા અંદાજે રૂ.૧૩૦ કરોડનું વિદેશી હૂંડિયામણ રળી આપશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે GACLના સ્થાપના દિવસ અવસરે કાર્યરત થઈ રહેલા આ નવા પ્લાન્ટ માટે અને GACLની ૫૦ વર્ષની પ્રગતિમય સફળતા માટે GACL પરિવારને અભિનંદન પાઠવીને પ્રસંશા કરી હતી.

GACLના કાર્યકારી વહીવટી સંચાલક અને મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે મુખ્યમંત્રીશ્રીને આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્ય સરકારનું સાહસ GACL ૧૯૭૩થી કાર્યરત છે અને દહેજમાં બે તથા વડોદરામાં એક મળીને કુલ ત્રણ ઉત્પાદન એકમોમાં કોસ્ટિક સોડા સહિત ૩૫થી વધુ ઉત્પાદનો કરે છે.

GACLએ પાછલા પાંચ દાયકામાં પોતાની ઉત્પાદન ક્ષમતા વધારીને તથા નવા ઉત્પાદનો દ્વારા સતત વિસ્તરણ કર્યું છે. GACL આઠ લાખ મેટ્રિક ટનથી વધુ કોસ્ટિક સોડાના વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવે છે તથા સોડિયમ ક્લોરેટ અને હાઈડ્રેઝિન હાઈડ્રેટનું ભારતમાં એકમાત્ર ઉત્પાદન એકમનું ગૌરવ ધરાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દહેજ ખાતેના GACLના નવા પ્લાન્ટનું આ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું તે અવસરે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીના સલાહકાર એસ.એસ. રાઠૌર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, જી.આઈ.ડી.સી.ના એમ.ડી. પ્રવિણા ડી.કે. તથા GACLના વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## યાત્રિકોમાં પણ ભારે ઘસારો જોવા મળ્યો

# ચૈત્રી નવરાત્રીનો અંબાજીમાં વિધિવત્ત રીતે પ્રારંભ થયો

અંબાજી

આજથી ચૈત્રી નવરાત્રીનો અંબાજી ખાતે વિધિવત્ત પ્રારંભ થયો છે. જેને લઈ યાત્રિકોમાં પણ ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. આમ તો આસો માસની નવરાત્રીમાં નવ દિવસ ગરબાની રમઝટ જામતી હોય છે. ત્યારે આ ચૈત્રી નવરાત્રીમાં આજથી માતાજીનાં ચાચર ચોકમાં માં અંબાના નામની અખંડ ધુનની શરૂઆત કરવામાં આવી છે.

આ અખંડ ધુન નવે દિવસ રાત અને દિવસ ૨૪ કલાક ઉભા પગે કરવામાં આવશે. અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રી દરમિયાન થતી આ અખંડ ધુન ભારતદેશની આઝાદી પૂર્વે ૧૯૪૧માં પ્રજા ઉપર આવી પડેલી આપત્તીઓનાં નિવારણ અર્થે શરૂ કરવામાં આવી હતી.

જે અખંડ ધુન આજે પણ મહેસાણાં જિલ્લાનાં ૧૫૦ ઉપરાંતનાં શ્રધ્ધાળુંઓનાં સંગઠન દ્વારા આ પરંપરાને ૮૩ વર્ષથી જાળવી રાખવામાં આવી છે.

આગામી સમયમાં પણ આ અખંડ ધુન પરંપરા મુજબ ચાલુ રખાશે તેમ આયોજકોનું માનવું છે. અંબાજી અખંડ ધુનમાં આવતા આ યાત્રિકો ૯ દિવસ તેલથી બનાવેલું ભોજન જમતા નથી. એટલું જ નહી, આ અખંડ ધુનમાં મહીલાઓને સામેત કરવામાં આવતી નથી.

## મારે સન્માનથી દૂર રહેવું હતું, સરકારથી નહીં...

# વિધાનસભાનું સત્ર પૂર્ણ થયા બાદ વિક્રમ ઠાકોરની પ્રતિક્રિયા

ગાંધીનગર

ગાંધીનગર ખાતે થોડા દિવસો અગાઉ ગુજરાત વિધાનસભા ગૃહમાં રાજકીય કાર્યવાહી નિહાળવા માટે ગુજરાતના પ્રખ્યાત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. પરંતુ તેમાં ગુજરાત ફિલ્મ અભિનેતા અને ગાયક વિક્રમ ઠાકોર સહિત ઠાકોર સમાજના કલાકારોને આમંત્રણ ન આપવામાં આવતા વિવાદ ઊભો થયો હતો. જ્યારે વિક્રમ ઠાકોરની નારાજગી બાદ સરકારે ૨૬-૨૭ માર્ચ દરમિયાન વિધાનસભામાં વિક્રમ ઠાકોર સહિત રાજયભરના ૧૦૦૦થી વધુ કલાકારોને ગૃહની કાર્યવાહી નિહાળવા આમંત્રિત કર્યા હતા. જો કે, વિક્રમ ઠાકોર વિધાનસભા ન ગયા હતા. તેવામાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઈસુદાન ગઢવી મારફતે વિક્રમ ઠાકોરનો સંપર્ક કર્યો હતો. જ્યારે હવે વિધાનસભાનું સત્ર પૂર્ણ થયા બાદ વિક્રમ ઠાકોરે પ્રતિક્રિયા આપી છે. જેમાં તેમણે કહ્યું કે, મારે સન્માનથી દૂર રહેવું હતું, સરકારથી નહીં.

વિધાનસભામાં ન જવાને લઈને વિક્રમ ઠાકોરે પ્રતિક્રિયા આપી હતી કે, આ મુદ્દો એ મારા એકલા માટે નહોતો ઉઠાવ્યો. પરંતુ ક્ષત્રિય સમાજ અને દરેક જ્ઞાતિના કલાકારો માટે ઉઠાવ્યો હતો. જો હું વિધાનસભામાં જાત તો લોકોમાં એવો મેસેજ બહાર આવત કે વિક્રમ ઠાકોરને પોતાનું સમ્માન કરાવવું હતું. મારે સન્માનથી દૂર રહેવું હતું. મારે દરેક પક્ષના નેતા સાથે સારા સંબંધો છે અને હંમેશા એ લોકો સાથે રહીશ.

તેમણે કહ્યું કે, રાજકારણથી નહીં પરંતુ કલાકાર તરીકે શુભેચ્છા મુલાકાત માટે કોઈપણ નેતા બોલાવશે તો જઈશ. દિલ્હી જવાનું થશે તો કેજરીવાલ, નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, અમિત શાહને પણ મળીશ. જ્યારે આપણા મુખ્યમંત્રીને પણ મળીશ. આમ દરેક પક્ષના નેતા સાથે સારા સંબંધ છે તો મળવામાં શું વાંધો છે. પણ એમાં રાજકરાણ ન હોવું જોઈએ. મે ઉઠાવેલા મુદ્દામાં રાજકરાણનો રંગ પણ લાગ્યો છે. પણ હાલ હું રાજકરાણમાં જોડાવવા નથી માંગતો.રાજકારણમાં જવાને લઈને વિક્રમ ઠાકોરે કહ્યું હતું કે, હા મને AAPના અરવિંદ કેજરીવાલનો ફોન આવ્યો હતો. તેમણે મારા ખબર અંતર પૂછ્યા હતા. સાથે દિલ્હી આવાનું થાય તો મળવા માટેનું આમંત્રણ પણ આપ્યું હતું. મને દરેક પાર્ટીના નેતાઓના ફોન આવતા હોય છે. હાલ મારો ઈરોદો કોઈ પાર્ટી સાથે જોડાવાનો નથી. હું કલાકાર છું, તમામ પાર્ટી મારા માટે એક સમાન છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).